# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-03-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર નેશનલ સમાચાર

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આવતીકાલે કરવામાં આવશે.
- ✓ કેન્દ્ર સરકારે નાગરિકતા (સુધારા) અધિનિયમ, હેઠળ અરજી કરવા માટેની મોબાઈલ એપ 'CAA-2019' શરૂ કરી છે..
- ✓ અમેરિકાના વિદેશવિભાગે સીએએ અંગે કરેલા નિવેદનને ભારતે અપૂરતી માહીતીવાળું અને બીન જરૂરી ગણાવ્યું છે.
- ✓ કેન્દ્ર સરકારે વાહનો માટે વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ એવું ઇથેનોલ – હંડ્રેડ ઇંધણ રજૂ કર્યું છે.
- ✓ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ વજન ઉત્પાદકોને પ્રમાણપત્ર આપવાની સત્તા અમદાવાદ ખાતેની રીજનલ રેફરન્સ સ્ટેન્ડર્ડ લેબોરેટરીને આપી છે.
- ✓ હૈતીમાં થઇ રહેલી ઉથલપાથલને ધ્યાનમાં લઇને ભારતના વિદેશ મંત્રાલયે 24 કલાકમાં કાર્યરત રહેનાર નિયંત્રણ કક્ષ શરૂ કર્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ECI--LOK-SABHA-POLLS

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આવતીકાલે કરવામાં આવશે. આવતીકાલે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન

ખાતે લોકસભાની સાથે સાથે ચૂંટણી પંચ દ્વારા કેટલીક રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમોની જાહેરાત કરાશે. વર્ષ 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ અને મે માં સાત તબક્કામાં યોજાઇ હતી. આ વર્ષે પણ લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં એકથી વધુ તબક્કામાં યોજાવાની સંભાવના છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની હજી સત્તાવાર જાહેરાત થઇ નથી, છતાં સત્તાધારી ભાજપે 267 ઉમેદવારોના નામની જ્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસે 82 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

## PM-KERALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળના પથનામથિટ્ટા ખાતે એનડીએના ચૂંટણીપ્રચાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં પક્ષના એક લાખથી વધુ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મોદીએ લોકસભાની આગામી ચૂંટણીમાં એનડીએ મોર્ચો બેઠકો મેળવશે. તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કેરળની એલડીએફ અને કોંગ્રેસની વર્તમાન રાજય સરકારની નીતીઓની ટીકા કરી હતી.

## CAA MOBILE APP

કેન્દ્ર સરકારે નાગરિકતા (સુધારા) અધિનિયમ, 2019 હેઠળ અરજી કરવા માટેની મોબાઈલ એપ 'CAA-2019' શરૂ કરી છે.. ગૃહ મંત્રાલયની યાદીમાં જણાવ્યા અનુસાર અરજદારો ગૂગલ પ્લે સ્ટોર પરથી આ એપ ડાઉનલોડ કરી શકે છે. આ ઉપરાંત વેબસાઇટ - indiancitizenshiponline.nic.in પરથી પણ ડાઉનલોડ કરી શકાય છે.

## RAJNATH-NAUSENA-BHAWAN

કેન્દ્રિય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે દિલ્હીમાં કેન્ટોનમેન્ટ વિસ્તારમાં નવનિર્મિત નૌસેના ભવનનુંઆજે ઉદઘાટન કર્યું છે.

આ પ્રસંગે સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, નૌકાદળના વડા એડમિરલ આર.હરીકુમાર ડીઆરડીઓના અધ્યક્ષ સમીર કામત અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## DEFENCE DORNIER AIRCRAFT

સંરક્ષણ મંત્રાલયે આજે નવી દિલ્હીમાં ભારતીય નૌકાદળના 25 ડોર્નિયર એરક્રાફ્ટના મિડ લાઇફ અપગ્રેડ માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે 2 હજાર 890 કરોડ રૂપિયાથી વધુના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કરાર અંતર્ગત ડોર્નિયર એરક્રાફ્ટને આધુનિક સુરક્ષા પ્રક્રિયાથી સજ્જ કરવામાં આવશે. જના દ્વારા દરિયાઇ દેખરેખ સરળ બનશે તેમજ આપત્તિવ્યવસ્થાપનમાં શોધ અને બચાવકાર્યને વધુ સક્ષમ બનાવશે.

## MINI-SPORTS-COMPLEX

મણીપુરના મુખ્યમંત્રી એન.બિરેનસિંહે ઇમ્ફાલમાં અંદાજે 20 કરોડ રૂપિયાના ખર્ચે નાના રમતગમત સંકુલનું આજે ઉદઘાટન કર્યું છે. આ ઉપરાંત તેમણે ઇમ્ફાલના પશ્ચિમ જીલ્લામાં અંદાજે 2 કરોડ રૂપિયાના ખર્ચે અને ખેલો ઇન્ડિયા યોજના હેઠળ તૈયાર કરાયેલા ફૂટબોલ મેદાનનું પણ ઉદઘાટન કર્યું છે.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, મણિપુરના મુશ્કેલ સમયમાં પણ રાજય સરકાર વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સતત હાથ ધરી રહી છે. ઇમ્ફાલમાં નાના રમતગમત સંકુલના નિર્માણ માટે કેન્દ્રિય યુવા અને રમતગમત વિભાગે આપેલા સહકારની શ્રી બિરનસિંહે પ્રસંશા કરી હતી.

## MEA-CAA

અમેરિકાના વિદેશવિભાગે સીએએ અંગે કરેલા નિવેદનને ભારતે અપૂરતી માહીતીવાળું અને બીન જરૂરી ગણાવ્યું છે.

વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે,, નાગરિકત્વ સુધારા ધારો- સીએએ ભારતની આંતરિક બાબત છે. અને દેશની વર્ષોથી અમલમાં રહેલી માનવ અધિકારવાળી સર્વગ્રાહી પરંપરા મુજબનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતનું બંધારણ બધા જ નાગરિકોને ધર્મનું સ્વાતંત્ર્ય આપે છે. આથી લધુમતિઓ સાથેના વ્યવહાર અંગે ચિંતા રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ ધારો અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી 31 ડીસેમ્બર 2014 પહેલાં ભારત આવેલા હિંદુ, શીખ, બૌધ્ધ, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લોકોને નાગરિકત્વ આપવાની જોગવાઇ ધરાવે છે. આ ધારો સંબંધિત વર્ગના લોકોને ગૌરવ પ્રદાન કરવાની સાથે સાથે તેમના માનવ અધિકારનું રક્ષણ કરે છે.

## ETHANOL100-ALTERNATE-FUEL

કેન્દ્ર સરકારે વાહનો માટે વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ એવું ઇથેનોલ –હંડ્રેડ ઇંધણ રજૂ કર્યું છે. ઇન્ડિયન ઓઇલ કંપની ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિળનાડુ, અને દિલ્હી રાજયોમાં કુલ 183 વેચારણ કેન્દ્રો પરથી ઇથેનોલ –હંડ્રેડ ઇંધણનું વેચાણ કરશે. તબક્કાવાર આ વેચાણ કેન્દ્રોની સંખ્યા વધારીને 400 કરાશે.

આજે દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં આ ઇંધણ રજૂ કરતાં કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, આશરે 92 થી 94 ટકા ઇથેનોલ ધરાવતું આ ઇંધણ પર્યાવરણને અનુકૂળ છે અને દેશના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ ઇંધણ હવાની ગુણવત્તા જાળવવામાં અને આબોહવામાં પરિવર્તનની સમસ્યા નાબૂદ કરવામાં મદદરૂપ થશે.

## E-VEHICLE POLICY

કેન્દ્ર સરકારે દેશમાં સ્વદેશી ઇલેક્ટ્રીક વાહનોના નિર્માણને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે મૂડીરોકાણ આકર્ષવા નવી નીતીની જાહેરાત કરી છે. નવી નીતીના કારણે ઇલેક્ટ્રીક વાહન ઉત્પાદકોમાં તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન મળશે તેમજ ગ્રાહકોને અદ્યતન ટેકનોલોજીનો લાભ મળી શકશે. ઇલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન અને ઉપયોગ વધતાં દેશમાં આયાત કરાતાં ખનીજ તેલનું પ્રમાણ ઘટશે તેમજ પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

ઇલેક્ટ્રીક વાહનો માટેની નવી નીતીમાં ઉત્પાદકો માટે 4 હજાર 150 કરોડ રૂપિયાનું લઘુત્તમ મૂડીરોકાણ આવશ્યક છે. જો કે, મહત્તમ મૂડીરોકાણ માટે કોઇ મર્યાદા નથી. આ નીતી હેઠળ સંબંધિત વાહન ઉત્પાદકોએ 3 વર્ષમાં ઉત્પાદન એકમ સ્થાપવાનું રહેશે. અને દર વર્ષે વધુમાં વધુ 8 હજાર ઇલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન કરી શકાશે.

## WORLD CONSUMER DAY

ચીજવસ્તુઓના વજન પ્રમાણીકરણ માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ વજન ઉત્પાદકોને પ્રમાણપત્ર આપવાની સત્તા અમદાવાદ ખાતેની રીજનલ રેફરન્સ સ્ટેન્ડર્ડ લેબોરેટરીને આપી છે. કેન્દ્રિય ગ્રાહક બાબતોના મંત્રી પિયુષ ગોયલે આજે મુંબઇમાં ચીજવસ્તુઓના વજન પ્રમાણીકરણ માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થાના ધોરણે દેશમાં ખાનગી વજન ઉત્પાદકોને પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થાનો આરંભ કરાવ્યો. આ સાથે આવી વ્યવસ્થા ધરાવનાર ભારત વિશ્વનો 13મો દેશ બન્યો છે. વિદેશમાં વજનમાપક યંત્રની નિકાસ કરવા માંટે વજન પ્રમાણીકરણ પ્રમાણપત્ર ફરજીયાત રહેશે.

કેન્દ્ર સરકારે આજે વિશ્વ ગાહક દિવસે જીવન જરૂરી 22 ચીજવસ્તુઓની કિંમત પર નજર રાખવા 34 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 550 કિંમત દેખરેખ ડેશબોર્ડ શરૂ કર્યા છે. આ ઉપરાંત શ્રી ગોયલે કેન્દ્રિય ગ્રાહક સંરક્ષણ સત્તામંડળની

વેબસાઇટનો અને વીજપરિવહન ઉપકરણ ચકાસણી પ્રયોગશાળાનો વર્ચુઅલી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પ્રાચીન ભારતમાં ગ્રાહક સુરક્ષા અંગેના પુસ્તકનું વિમોચન કરતાં શ્રી ગોયલે કહ્યું કે, ગ્રાહક અધિકારની સંકલ્પના ભારતે આપી છે.

## MEA-HAITI

હૈતીમાં થઇ રહેલી ઉથલપાથલને ધ્યાનમાં લઇને ભારતના વિદેશ મંત્રાલયે 24 કલાકમાં કાર્યરત રહેનાર નિયંત્રણ કક્ષ શરૂ કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે નવી દીલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ડોમીનીકન પ્રજાસત્તાકમાં આવેલા ભારતીય રાજદૂતાવાસને હૈતી માટે ઇમરજન્સી હેલ્પલાઇન શરૂ કરવાની સત્તા અપાઇ છે. શ્રી જયસ્વાલે જણાવ્યું કે, આ નિયંત્રણ કક્ષ હૈતીમાં રહેતા ભારતીયોને જરૂરી માહીતી અને સહાય પૂરી પાડશે. તેમણે વધુમાં જણાવ્યું કે, ભારત હૈતીમાં ચાલી રહેલી ગતિવિધિઓ ઉપર ચાંપતી નજર રાખી રહ્યો છે. અને જરૂર પડે તો ત્યાંના ભારતીયોને સલામત રીતે ખસેડવા સજ્જ છે. હૈતી ખાતેની નિયંત્રણ કક્ષનો ટોલ ફ્રી નંબર 1800118797 છે. આ ઉપરાંત વોટ્સ એપ નંબર 9968291988 અને situationroom@mea.gov.in પરથી પણ વિગતો અને માહીતી મેળવી શકાશે.

## MEA-MYANMAR

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, મ્યાંમારમાં સલામતિની પરિસ્થિતિ ચિંતાજનક છે. આજે દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશમંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે જણાવ્યું છે કે, ભારત પાડોશી દેશમાં શાંતિ અને સ્થિરતા તેમજ મ્યાંમારમાં વાતચીત થકી સર્વગ્રાહી સંઘિય લોકશાહી વ્યવસ્થા ફરીથી સ્થપાય તેમ ઇચ્છે છે.

દરમ્યાન ભારતે મ્યાંમારમાં ખાસ કરીને રખાઇન પ્રાંતમાં સલામતિની કથળેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને મ્યાંમારમાં પ્રવાસ નહીં કરવાની સૂચના ભારતીયોને આપી છે.

બીજા એક પ્રશ્નના જવાબમાં શ્રી જયસ્વાલે કહ્યું કે, રશિયામાં અટવાયેલા આશરે 20 ભારતીયોને સ્વદેશ લાવવામાં મદદરૂપ થવા ભારત રશિયા સાથે ભારપૂર્વક રજૂઆત કરી રહ્યો છે.

રાષ્ટ્રીય સલામતિ સલાહકાર અજીત ડોભાલની ઇઝરાયલની મુલાકાત અંગેના એક પ્રશ્નના જવાબમાં શ્રી જયસ્વાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇઝરાયલમાં શાંતિ અને સ્થિરતા સ્થપાય તેવું ઇચ્છે છે.

## CINEMATOGRAPH RULES

ફિલ્મ સર્ટિફિકેશન પ્રક્રિયામાં વ્યાપક સુધારો કરવા માટે સરકારે સિનેમેટોગ્રાફ (સર્ટિફિકેશન) નિયમો, 2024ને સૂચિત કર્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું છે કે સાર્વજનિક પ્રદર્શન માટે ફિલ્મોના પ્રમાણપત્રની સમગ્ર પ્રક્રિયાને સુધારવા અને સમકાલીન બનાવવા માટે નિયમોને વ્યાપક રીતે બદલવામાં આવ્યા છે.

ભારતીય ફિલ્મ ઉદ્યોગ 40 થી વધુ ભાષાઓમાં વાર્ષિક ત્રણ હજારથી વધુ ફિલ્મોનું નિર્માણ કરતું વિશ્વના સૌથી મોટા અને સૌથી વધુ વૈશ્વિક ઉદ્યોગોમાંનું એક છે. આ નવા નિયમોનો ઉદ્દેશ્ય ડિજિટલ યુગ માટે ફિલ્મ સર્ટિફિકેશન પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને આધુનિક બનાવવાનો છે.